Re-Accredited 'B++' 2.86 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ००७, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -: પરિપત્ર :-

આર્કિટેકચર એન્ડ ડીઝાઈન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ થી હવે પછીની B. Arch કોર્ષની શિક્ષણ વ્યવસ્થામાં ઉનાળુ વેકેશનને બદલે ૬ અઠવાડિયાનું રેમેડિયલ સેમેસ્ટરનો સમાવેશ કરીને અનુત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને ખૂટતો અભ્યાસ અને ત્યારબાદ પરીક્ષા લઈ જે તે વર્ષમાં ઉત્તીર્ણ થવાની તક આપી શકાય કે નહી તે અંગે આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખા તથા આર્કિટેકચર વિષયની અભ્યાસ સમિતિની સંયુકત સભાની તા.૧૫/૧૦/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩ થી કરેલ ભલામણ એકેડેમિક કાઉન્સિલની તા.૧૮/૧૦/૨૦૨૨ ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩૨ થી મંજૂર કરેલ છે. જેની આથી જાણ કરવામાં આવે છે, તેની જાણ સંબંધકર્તા શિક્ષકો અને વિદ્યાર્થીઓને કરવી, તદ્ઉપરાંત તેનો અમલ કરવો.

**<u>આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખા તથા આર્કિટેકચર વિષયનીઅભ્યાસ સમિતિની સંયુકત સભાની તા.૧૫/૧૦/૨૦૨૨ નાં ઠરાવક્રમાંકઃ૩</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે,બી.આર્કિટેકચર કોર્સમાં જે વિદ્યાર્થીઓ ડીટેઈન થયા હોય અથવા ઓછી હાજરીને લઈને જે તે વિષયમાં ટર્મ ગ્રાન્ટ ન થઈ હોય તેવા વિદ્યાર્થીઓ જો જે તે શૈક્ષણિક વર્ષમાં પોતાના વિષયોમાં ઉત્તીર્ણ થવા માંગતા હોય કે જે તે વિષયમાં ટર્મ ગ્રાન્ટ કરાવવા માંગતા હોય તેઓને ખાસ વૈકલ્પિક વ્યવસ્થા– " ઉનાળુ વેકેશનમાં ૦૬ અઠવાડિયા દરમ્યાન રેમેડીયલ સેમેસ્ટર" નો ઉપયોગ કરીને ઉત્તીર્ણ થવા માટે વ્યવસ્થા ઊભી કરવા કાર્યવાહી કરવા અંગે ભલામણ કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે,જે વિદ્યાર્થીઓને આગળના વર્ષમાં પ્રવેશ માટે પરમીસીબલ લિમીટમાં ATKT આવેલ હોય અને જો આ જોગવાઈનો ઉપયોગ કરવા માંગતા હોય તો આ વિકલ્પ આપી શકાશે. પરંતુ રેમેડીયલ સેમેસ્ટરનો ઉપયોગ કરનાર તમામ વિદ્યાર્થીઓએ આ માટે નિયત ફી સંસ્થામાં ભરવાની રહેશે.

**એકેડેમિક કાઉન્સિલની તા.૧૮/૧૦/૨૦૨૨ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ૩૨**

:: આથી ઠરાવવામાં આવે છે કે, આર્કિટેકચર એન્ડ ડિઝાઈન વિદ્યાશાખા તથા આર્કિટેકચર વિષયની અભ્યાસ સમિતિની સંયુકત સભાની તા.૧૫/૧૦/૨૦૨૨ નાં ઠરાવ ક્રમાંકઃ૩ અન્વયે કરેલ ભલામણ સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.

ક્રમાંકઃએસ/બી.આર્ક./સિલેબસ/૨૫૪૪૩/૨૦૨૨
તા.૨૦/૧૦/૨૦૨૨

કુલસચિવ

પ્રતિ,

૧) આર્કિટેકચર એન્ડ ડીઝાઈન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજોનાં આચાર્યશ્રીઓ.
૨) અધ્યક્ષશ્રી, આર્કિટેકચર વિદ્યાશાખા,
૩) પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ, વીર નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત.

...તરફ જાણ તેમજ અમલ સારૂ.